***પ્રથમ વર્ષ ડિગ્રી આર્કીટેક્ચર અભ્યાસક્રમમાં ઓનલાઈન રાઉન્ડ અંતે સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે "ખાલી પડેલી બેઠકો" ઉપર પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો માટેનો કાર્યક્રમો - વર્ષ-૨૦૨૧.***

---

પ્રથમ વર્ષ ૨૦૨૧ માં ડિગ્રી આર્કીટેક્ચર અભ્યાસક્રમ ની તા. ૦૧/૧૧/૨૦૨૧ ના રોજ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયેલ છે.

સદર પ્રક્રિયા બાદ ખાલી રહેલી બેઠકો શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યનાં પ્રવર્તમાન જાહેરનામાં મુજબ ભરવાની થાય છે. જેનાં અનુસંધાને સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી રહેલી બેઠકોની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર મુકવામા આવેલ છે.

ખાલી પડેલ બેઠકો પર પ્રવેશ કાર્યવાહી **તા. ૦૧/૧૧/૨૦૨૧ થી તા. ૧૫/૧૧/૨૦૨૧** દરમિયાન જે તે સંસ્થાસ્તરે યોજાશે. ઉમેદવારે (૧) જે-તે સંસ્થાના નોટીસ બોર્ડ અને વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ખાલી બેઠકોનો અભ્યાસ કરી (૨) સ્વનિર્ભર સંસ્થાઓની ફી ને ધ્યાને રાખી સંબંધિત સંસ્થાઓ ખાતે સંસ્થા દ્વારા જાહેર કરેલ કાર્યક્રમ મુજબ જે તે સંસ્થા ખાતે નિયત ફી રૂ. ૩૦૦/- રોકડા ભરીને પ્રવેશ ફોર્મ મેળવી સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ જમા કરાવવાનું રહેશે. સદર પ્રક્રિયા અર્થે બહોળી પબ્લીસીટી સંસ્થા સ્તરે કરવાની રહેશે. જે તે સંસ્થાના પ્રવેશ કાર્યક્રમ અનુસાર ઉમેદવારે સ્વખર્ચે જે તે સંસ્થાખાતે જવાનું રહેશે. અગાઉનો પ્રવેશ સમિતિ દ્વારા ફાળવવામાં આવેલ પ્રવેશ રદ થતા ઉમેદવારને ફી રીફંડ', સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામા ના નિયમ "Cancellation Of Admission And Refund Of Fees" પ્રમાણે થશે.

પ્રવેશ કાયમ કરાવવા માટે અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે આવશ્યક હોઈ સાથે રાખવાના રહેશે. પ્રવેશ મળશે જ તેની કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. વધુ વિગત તેમજ Latest Updates માટે સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in વખતો વખત જોવા જણાવવામાં આવે છે.

હેલ્પ લાઈન નંબર : ૦૭૯-૨૬૫૬૬૦૦૦

તા. ૦૯/૧૧/૨૦૨૧

મેમ્બેર સેક્રેટરી